સલામી સવારની..

છે ખોટી મહેનત, ઉજ્જડ જમીન ખેડાય છે,
સમલિંગી સંવનનમાં સીમાઓ ભેડાય છે,
તેડાય છે બાળ-લોકશાહી ત્યાં સૈન્યી કાંખમાં -
ભારત-મૈત્રીથી સેનાના પેટમાં તેલ રેડાય છે...

હાઈકુ

બનાવે મૂર્ખ!
'ઓચિંતી મૂલાકાત' -
આખા વિશ્વને...

કરાવે સંપ
ક્રોધી સાસુ-વહુમાં -
ઓબામા આઝા...

ચિંતન

યઃ સ્તોકેનાપિ સંતોષં કુરુતે મંદધીર્જનઃ । તસ્ય ભાગ્યવિહીનસ્ય દત્તા શ્રીરપિ માજયતે ॥

'જેમ મંદબુદ્ધિવાળા - ઓછી અક્કલવાળો - માણસ થોડાંથી પણ સંતોષ પામે છે અર્થાત એને કોઈ મોટી મહત્ત્વાકાંક્ષા જ નથી હોતી એટલે ઓછી મહેનતે જે મળ્યું તેમાં સંતોષ લે છે એને કોઈ ઉંચું ધ્યેય જ નથી હોતું પોતાના આળશને 'સંતોષ'નો આંચળો ઓઢાળી પોઢી જાય છે. તેવા માણસો સદા ભાગ્યહીન જ હોય છે - રહે છે. એટલે કે વિધાતાએ એના ભાગ્યમાં જે કંઈ લખ્યું હોય તે પણ એ જયારે સૂતો હોય ત્યારે ભૂંસી નાખે છે.'

આળશુ માણસમાં ઉત્સાહ કે સાહસવૃત્તિ હોતી નથી પરિણામે શક્તિ-અને આવડત હોવા છતાં દુઃખમાં - મુશ્કેલીમાં જીવન ગુજારે છે અને પોતાની આળશવૃત્તિને સંતોષનો બુરખો પહેરાવી ઢાંકી રાખે છે. પરિણામે એમની કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ નથી, સાહિત્ય-સંગીત-લલિતકળાઓમાં 'રિયાઝ' જરુરી છે. અત્યારના આધુનિક સાધનો પણ પ્રેક્ટીસ અને તાજું વિસ્તારનું જ્ઞાનથી વાકેફ રહેવું જરુરી છે. જો પરિશ્રમ લઈ વાચન-પ્રેક્ટીસ ન રાખવામાં આવે તો માણસ પાછળ પડી જાય છે અને એના ભાગ્યમાં લખેલા પ્રગતિના લેખ પણ ભૂંસાઈ જાય છે અર્થાત્ એને ભાગ્ય પણ સાથ આપતું નથી.

સુવિચાર

- ત્રિરંગાની હરિયાળીને બચાવીએ બાળક દીઠ એક વૃક્ષ વાવીએ - **નટવર હેડાઉ**
- જે સ્વયં શક્તિશાળી હોવા છતાં દુર્બળની વાતો સહન કરે છે
  તેને ઉત્તમ ક્ષમાવાન કહેવામાં આવે છે - **બુદ્ધ**
- જેણે કોઈ કળા હસ્તગત કરી પણ તેના ઉપર અમલ ન કર્યો એ એવો માણસ છે જેણે બળદ હાંકયા,
  ખેતર ખેડ્યા પણ બીજ વાવ્યાં જ નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- દોસ્તો દુશ્મનો કરતાં પણ બદતર સાબિત થઈ શકે છે,
  કારણ કે દુશ્મનની તો પોતાને ઓળખાય છે - **સંત ઓગસ્ટીન**
- જયાં સુધી તારો હાલ અમારા હાલ જેવો ન થાય ત્યં સુધી
  અમારો હાલ ફક્ત તને એક વાર્તા જેવો જ લાગશે - **સ્ટીફન કોવી**
- સ્વનિયમન અને સંયમ વિના સ્વતંત્રતાની આશા કોઈ રાખે તો તે મૂર્ખ છે
  સ્વતંત્રતા ને સંમય એક જ સિક્કાના બે પાસા છે - **કૃપલાણી** (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ચૂંટણી વખતે બધા પક્ષો ઢંઢેરા બહાર પાડી મોટાં મોટાં વચનો અને વાયદાના લાડુ પીરસે છે, ભોળી જનતા એમના ભાષણમાં ભેરવાઈ જાય છે, નેતાઓ જે હારે એમને તો નાહીને નિચોવા જેવું કંઈ હોતું નથી. જીતેલા 'યુ-ટર્ન'માં ફસાઈ જાય છે.

નસીરુદીન આખા પક્ષનું બીડું માથે લીધું હતું અને ડહાપણના ભંડાર અને વાણીવિલાસના રાજા તરીકે પંકાયેલા હતા.

એક ભાષણમાં એમણે ભરડ્યું વિદેશોમાં કાળું નાણું એટલું બધું છે કે આપણી પ્રજાને ઘર દીઠ એક કાર અને મફત પ્લોટ પર ઘર અમે તૈયાર કરી આપશું. જીત્યા પછી માત્ર એક મહિનામાં આ કમાલ અમે કરી દેખાડશું!

એક અનુભવી મતદાર વચ્ચે જ ઊભો થયો : 'અમારે ઘરનું ઘર અને ગાડી નથી ખપતાં - માત્ર દૂધ અને પેટ્રોલના ભાવ ઓછા કરો તો પણ ઘણું છે!'

નેતા કંઈ ગાંજ્યા જાય એમ નો'તા એણે કહ્યું અમે જીતી જઈએ - પછી 'વિકાસ' થાય પછીની વાત છે ત્યાં સુધીમાં અમારી સરકાર દૂધ અને પેટ્રોલનો વિકલ્પ પણ શોધી કાઢશે..!! લ્યો બોલો...

સહકારી દૂધ ઉદ્યોગ વિશે પ્રજાલક્ષી સહચિંતન અનિવાર્ય

તંત્રીસ્થાનેથી....

સહકારી મંડળીઓ સ્થાપી દૂધ ઉત્પાદકોને બે પાંદડે કરવાનો વિચાર સૌ પ્રથમ ચરોતરના ખેડૂત નેતા ત્રિભોવનદાસ પટેલ અને શ્વેત ક્રાંતિના પ્રણેતા તરીકે ઓળખાતા વર્ગીસ કુરિયનને આવ્યો જેના પરિણામે આણંદમાં અમૂલ ડેરી સ્થપાઈ હતી. દૂધ વેચવું એ પાપ છે એવું માનનારો ખેડૂત પણ ખાનગી ભઠ્ઠાઓ અને દૂધના વેપારીઓને દૂધ વેચતો થયો હતો પણ એનું પૂરતું વળતર મેળવી શક્તો નહોતો. કુરિયનની સલાહ માનીને ગુજરાતને શ્વેતક્રાંતિ ક્ષેત્રે વિશ્વમાં નામ રોશન કર્યુ છે. 'અમૂલ દૂધ પીતા હે ઈન્ડિયા'ની જાહેર ખબરમાં જે 'અમૂલ' શબ્દ છે તે હવે વિશ્વ સ્તરની બ્રાન્ડ બની ગયેલ છે. ઉત્તર ગુજરાતમાં માનસિંહ પૃથ્વીરાજ પટેલે મહેસાણાની દૂધસાગર ડેરી મારફત શ્વેતક્રાંતિ આગળ ધપાવી તો નજીકના સાબરકાંઠામાં ભૂરાભાઈ ખોડાભાઈ પટેલે સાબર ડેરી મારફત અને બનાસકાંઠામાં ગલબાભાઈ પટેલે બનાસ ડેરી મારપત ગુજરાતને સહકારી દૂધ ઉદ્યોગ ક્ષેત્રે ઊંચી નામના અપાવી. કાળક્રમે સહકારી ક્ષેત્ર રાજકારણના અખાડામાં ફેરવાઈ ગયું, છતાં સહકારી ડેરીઓ સાથે સંકળાયેલા રાજકારણીઓ ખેડૂતો અને પશુપાલકોના હિતોની રખેવાળી કરતા હોવાની માળા ફેરવતા રહયા છે. ઉત્તર ગુજરાતની સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતી બનાસ ડેરી પર વર્ષો સુધી પરથીભાઈ ભટોળનું રાજ ચાલતું રહ્યું હતું એની સામે વર્તમાન મોદી સરકારના ગૃહરાજયમંત્રી હરિભાઈ ચૌધરી અને ગુજરાત રાયના રાજયકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરીની જુગલજોડીએ છેલ્લાં વર્ષો દરમિયાન ચલાવેલી ઝુંબેશને લોકોનું સમર્થન સાંપડ્યું છે, અને તાજેતરની ચૂંટણીમાં શંકરભાઈ ચૌધરીની પેનલ વિજય બનતાં હવે ડેરીનું સુકાન રાજય સરકારના મંત્રીના હસ્તક આવ્યું છે. શંકર ચૌધરી બનાસ બેંકના પણ ચેરમેન છે. મહેસાણાની દૂધ સાગર ડેરીમાં સરકારે વિજેતા વિપુલ ચૌધરીને કાર્યભાર સંભળાવતા અટકાવ્યા છે અને મામલો અદાલતમાં ગયો છે. આ બેઉની સરખામણીએ રાજયભરમાં બીજા નંબરની દૂધ ઉત્પાદક સહકારી ડેરી 'સાબર ડેરી' ના ચેરમેન જેઠાભાઈ પટેલ 'લો પ્રોફાઈલ' સહકારી કાર્યકરની ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન પણ છે. ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં સાબરકાંઠાના પંદર-વીસ ઘરની વસતિ ધરાવતા દેવગઢ કંપામાં તા. ૨૬ ડિસેમ્બરના રોજ યોજાયેલ દૂધ-પરિસંવાદમાં જેઠાભાઈ પટેલ ઉપરાંત દંતકથારુપ મહિલા દૂધ ઉત્પાદક શ્રીમતી માલતીબેન ચૌધરી પણ હાજર રહ્યા હતા. વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈની પ્રેરણાથી યોજાયેલ આ પરિસંવાદમાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિકા શાહ અને મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. કનૈયાલાલ નાયકની હિન્દીમાં સાબરકાંઠાની જ કિસાન પુત્રી જિનાલી હસમુખભાઈ દ્વારા હથ ધરાયેલ સંશોધનના પુસ્તકનું લોકાર્પણ કરતાં અંતરિયાળ આદિવાસી પ્રજાને સહકારી દૂધ ડેરીથી થયેલ આર્થિક લાભ વિશે જાણકારી મેળવી મહામહિમે આનંદ વ્યક્ત કર્યો હતો. દૂધ ડેરીઓને માત્ર રાજકીય અખાડા નહીં બનાવી દેતાં જનસુલભ પરિસંવાદો યોજવાની પહેલ સાબરકાંઠાએ કરી છે અને તે પણ ઈડર તાલુકાના નેત્રામલી ગામના નાનકડા દેવગઢ કંપાની. આ ઘટના ભલે નાની લાગતી હોય, પરંતુ શ્વેતક્રાંતિના ઉજ્જવળ ભવિષ્ય માટે એ દીવાદાંડી સમી બની રહેશે, એવી આશા અસ્થાને નથી. સહકારી ક્ષેત્રે પ્રજાલક્ષી સહચિંતન ખૂબ જરુરી બની ગયું છે, જેની શરુઆત સાબરકાંઠાના ખોબા જેવડા કંપાથી થઈ છે તેની નોંધ લેવી જ રહી.

એના ઓરતા ન કરજો દાદા : દ્વારકામાં રણછોડરાય શામળા

લોકસાહિત્ય તથા લોકકળાના વિષયમાં તેમજ તેના વિકાસ અને સંવર્ધન બાબતમાં ઘણાં વર્ષોથી અનેક મહાનુભાવોએ વ્યાપક ખેડાણ કર્યુ છે. લોકસાહિત્યના બળૂકા માધ્યમથી લોકોના રીતરિવાજ, પરંપરાઓ, ઉત્સવો તેમજ તેમની સમગ્ર અસ્મિતાના દર્શન થાય છે. કલકત્તામાં બેસીને આરામદાયક જીવન જીવતા મેઘાણીભાઈ આ સાહિત્યના તીવ્ર આકર્ષણને કારણે ૧૯૨૧ માં સૌરાષ્ટ્રમાં આવ્યા અને લોકસાહિત્યના સંશોધનની અભૂતપૂર્વ કામગીરી કરી. બંગાળના લોકગીતો તેમજ નાવિકોના ભાવગીતો એકઠા કરવાનું કાર્ય સચિનદેવ બર્મને પણ પૂરા ખંતથી વર્ષો સુધી કર્યુ. બાઉલ ગીતોને ઉજાગર કરવામાં ક્ષિતિમોહન સેને પણ વણથાકી રઝળપાટ કરી. મેઘાણીભાઈ ઉપરાંત સર્વશ્રી રતુભાઈ અદાણી, ડોલરરાય માંકડ, જયમલ્લભાઈ પરમાર, ગોકળદાસ રાયચુરા તથા રતુભાઈ રોહડિયા જેવા આ ક્ષેત્રમાં પડેલા મોટા ગજાના માનવીઓએ પણ પોતાની તમામ સમય તથા શક્તિ લગાવીને લોકસાહિત્યના પ્રચાર અને દસ્તાવેજીકરણના કામમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. સમર્થ કવિ અને વક્તા શ્રી દુલા કાગ, શ્રી મેરૂભા ગઢવી, શ્રી દુલેરાય કારાણી તથા શ્રી પિંગળશીભાઈ ગઢવી જેવા મર્મી લોકોએ દેશ અને દુનિયાના અનેક સ્થળોએ લોકસાહિત્યમાં રહેલા સત્વની વાતો કરી અને લોકોએ તેમની વાતોને ખૂબજ સ્નેહપૂર્વક વધાવી લીધી. શ્રી સુલેમાન જુમા અને શ્રી નાનજી મિસ્ત્રી જેવા કસબીઓએ તેમની કળાથી લોકસાહિત્યમાં આકર્ષક રંગો પૂર્યા. લોકો એ વાત સમજતા સ્વીકારતા થયા કે આ સાહિત્ય એ આપણોજ અમૂલ્ય ખજાનો છે અને તેનું આકર્ષણ આજે પણ એટલુંજ અકબંધ છે. આપણાં નેક ટેક અને ખમીરની વાતો આ સાહિત્યમાં સંઘરાયેલી છે. જે વર્ષો વીત્યા છતાં આજે પણ આપણને પ્રેરણા આપે છે.

લોકકળાના ક્ષેત્ર પર નજર કરીએ તો એક વાત સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે આ કળાઓ લોકોમાંથી ઉદભવી અને બળવત્તર બની. પરંતુ તેનું યોગ્ય દસ્તાવેજીકરણ તેમજ વિવેચન, મૂલ્યાંકન જોઈએ તેટલા થઈ શક્યા નહિ. ઘણું બધું સાહિત્ય કંઠોપકંઠ કહેવાયું અને કાળના પ્રવાહમાં કેટલુંક સાહિત્ય લુપ્ત પણ થયું.

લોકગીતોની એક મોટી શક્તિ એ છે કે તેમાં પૂર્ણતઃ સમરસતાના ભાવ છે. આપણી સામાજિક સમરસતાનો તાણોવાણો ગૂંથવામાં અને તેને સબળ બનાવવાના પુણ્યકાર્યમાં લોકગીતોનો સિંહફાળો છે. લોકગીતોમાં ભાવની ગૂંથણી તથા તેની લયબધ્ધ અભિવ્યક્તિ ડીને આંખે વળગે તેવા છે. ગાંધીજી તથા કવિ શ્રી મેઘાણીની મુલાકાત સમયે ગાંધીજીએ મેઘાણી પાસેથી લગ્નગીતો સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી તેમ નોંધાયેલું છે. સૌરાષ્ટ્રમાં ગવાતા એક જાણીતા લગ્નગીતમાં કેવા નાજુકભાવ સંઘરાઈને પડ્યા છે.

ચા રે ચા દાદા ગઢ રે ચણાવ્યા
ગઢ રે સરીખા ગોખ મેલીયા,
ગઢ રે ચડીને બાઈનો દાદોજી જૂએ
કન્યા ગોરાને રાઈવર શામળા !

પરંતુ દિકરીને તરતજ દાદાજીની લગ્ન કરવા માટે આવનાર મૂરતિયો વાને શામળો હોવાની આ ચિંતાનો ભાવ ધ્યાનમાં આવે છે. આથી ચતુરાઈથી ભરેલો જવાબ આપીને દાદાની ચિંતા દૂર કરવાનો દિકરી પ્રયાસ કરે છે.

એના ઓરતડા ન કરજો દાદા,
દ્વારકામાં રણછોડરાય શામળા !

મેઘાણીભાઈએ સરસ લખ્યું છે કે આ ગીતોમાં પ્રવાહિતા ભારોભાર પડેલી છે. નીચેની પંક્તિઓમાં પણ આજ બાબતનો ભાવ અન્ય રીતે ઉઘડે છે.

મેડીને મોલ બેઠાં મોંઘીબા બોલે,
કાં રે દાદાજી વર શામળો !

દાદાજી યુક્તિપૂર્વક વહાલી દિકરીને મનાવતા મૂરતિયો શામળો હોવાનું 'ઈન્સ્ટંટ કારણ શોધી આપે છે.

છેટેથી આવ્યો રજે ભરાણો
રજનો ભરાણો રાયવર શામળો !

લગ્નગાળો શરૂ થવાનો સમય નજીકમાં છે. આજે જયારે સામૂહિક માધ્યમો મારફત

અનુસંધાન પાના નં. ૭ પર

કાળા બજાર - અનાજ, કઠોળ અને... લાગણીઓના પણ !!!

એ લોકો પહેલા કાપડનાં તાકા ભરી રાખે છે
પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે
વાર વાર વેચે છે...
એ લોકો પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે.
પછી જયારે માણસ સડી જાય ત્યારે
કિલો કિલો વેચે છે.
એ લોકો પહેલા ઔષધની શીશીઓ
સંઘરી રાખે છે...
અને માણસ જયારે ફુટી જાય છે ત્યારે
થોડી થોડી રેડે છે...
તે તે લોકો છે જ નહીં
એ તો છે નોટો ને ખાઈ ઊછરતી ઉંધઈ છે...
બીજું એને ભાવતું નથી
મારે કવિ થવું જ નથી,
હું તો ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ!

- પ્રિયકાન્ત મણિયાર

યાદ છે! જયારે આપણે નાના હતા ત્યારે બાકસની છાપ રમતા, લખોટી રમતા, ફોટાઓ રમતા... યાદ આવે છે કે બાળપણમાં અમારા ચોકઠામાં એક 'ગબ્બર' કરીને છોકરો હતો, એ આ બધી છાપ, ફોટા, લખોટી વગેરે રમવામાં ઉસ્તાદ હતો...

તેની પાસે ડબ્બાના ડબ્બા ભરીને લખોટીઓ છાપો અને ફોટાઓ પડ્યા રહેતા... અને પછી તેની કમાણી કરતો... ક્રિકેટમાં બે વખત દાવ આપવાની લાંચ, અથવા ખૂચામણીમાં બે વાર પદું લેવાની શરત, તો વળી કયારેક બે-ત્રણ રૂપિયામાં ફોટા, છાપો કે લખોટીઓ વેંચતો...

પહેલીવાર સંગ્રહખોરીની અસર કેવી હોય તે બાળપણમાં 'ગબ્બર' પાસેથી અનુભવ્યું, અને ત્યાર પછી તો મોટાં થતાં સુધીમાં તો આવા અસંખ્ય 'ગબ્બરો' અત્યાર સુધીમાં જોયા...

ડુંગળી-બટેટા, દાળ જેવી અનેક ખાદ્યચીજોના કાળાબજાર થયે રાખે છે, આપણા દેશમાં કાળાબજારી કોઈ નવી વાત નથી.. બધા જ જાણે છે, છતાં અજાણ્યા થઈને ફરે છે... કોમોડીટીમાં વધારો ઘટાડો આવા સંગ્રહખોરોના ઈશારે થતો રહે છે.

પરંતુ અગાઉ કહ્યું તેમ આપણે આ બધું જોવા અને સહેવા માટે બાળપણથી જ રેડી થઈ ગયા છીએ... કવિએ કહ્યું તેમ ઉધઈની જેમ આખા દેશના તંત્રને ખોખલું કરી નાંખનાર આ ગણ્યાગાઠ્યા લોકોએ દાટ વાળી દીધો છે...

બટાકાની વેફર બનાવવા માટે વેફરની મોટી મોટી કંપનીઓ ડાયરેકટ ખેડૂતો પાસેથી સારી ક્વૉલિટીના બટેટા ખરીદી લે છે... આપણા સુધી જે માલ પહોંચે છે, તે સેકન્ડ કે થર્ડ ક્વૉલિટીનો હોય છે...

શાકભાજીમાં પણ એક નંબરની દૂધી, બે નંબરની દૂધી અને ત્રણ નંબરની દૂધી હોય છે, તો તે હમણાં જ ખબર પડી... આજે શાકવાળા ભાઈએ કહ્યું કે - લઈ લો સાહેબ આજે તો બધો માલ એક નંબરનો આવ્યો છે... રોજ તો બે અને ત્રણ નંબરનો ફાલ આવતો હોય છે...

કલ્પના પણ ન કરી હોય તેવી ભેળસેળ અને મિલાવટ સાથે કાળાબજારીનો માહોલ ચાલે છે... મરચામાં લાકડાંનો વહેર, પ્લાસ્ટિકના ચોખા... ચણામાં સ્ફટીકના પથ્થર આ બધું મેળવી મેળવીને ખાવાની વસ્તુઓ સાથે ચેડા કરીને લોકોની તંદુરસ્તી સાથે રમત રમવાની ગંદી માનસિકતા તો આપણે ત્યાં જ છે...

જે સોયાસ્ટીક અને સોયા દૂધ, સોયા તેલ જેવી અલગ અલગ વસ્તુઓ આપણે ત્યાં આરોગ્ય માટે ફાયદાકારક પદાર્થ તરીકે હોંશેહોંશે ખાવામાં આવે છે... તેની સૌથી વધુ ખેતી મધ્યપ્રદેશમાં થાય છે... આપણે સોયા સૌથી વધુ વિદેશ મોકલીએ છીએ... કેનેડા, જર્મની જેવા દેશ આ સોયા આપણી પાસેથી ખરીદે છે... જાણો છો કેમ!

કારણ કે તેઓ તેમના દેશની ધરતી પર સોયાનો પાક લેવા નથી માગતા... વૈજ્ઞાનિક તારણો મુજબ સોયાના ચાર-પાંચ કે છ પાક લીધા પછી તે જમીન ગોચરની જમીન બની જાય છે... બિનઉપજાઉ જમીન બની જાય છે... માટે વિદેશી સત્તાધારીઓ આપણા દેશમાંથી સોયા ખરીદે છે...! આ છે આપણા દેશની વિચિત્રતા...

લોકો કેટલા સંવેદનશૂન્ય બની ગયા છે... કે આરોગ્ય સાથે ચેડા કરનારી ખાદ્યચીજોમાં મિલાવટ કરતા પણ અચકાતા નથી... સંગ્રહખોરી અને જમાખોરીના ગંદા રાજકારણના લીધે કઠોળના અને દાળના ભાવ આજે આકાશને આંબે છે...

માનવતાનું કોઈ મૂલ્ય રહ્યું નથી... જુના પિકચરોમાં ગામના જમીનદાર દ્વારા લોકો પર થતા અત્યાચાર કે અનાજના ગોડાઉન ભર્યા હોવા છતાં... પણ જાણી જોઈને અછત ઉભી કરીને ભાવવધારા સાથે વસ્તુ આપવાનો તાલ જોતા આપણે પણ તે જ ગરીબ લોકો જેવા છીએ... ખાલી જમીનદારોની જગ્યાએ સોફસ્ટીકેટેડ કાળાબજારીયાઓ આવી ગયા છે...

રખે ને! માનતા કે કાળાબજાર ખાલી અનાજ-કઠોળ કે શાકભાજીના જ હોય છે! કાળાબજાર તો લાગણીના પણ ચાલી જ રહ્યા છે ને!

સંવેદના ભૂખ્યા અને લાગણી ભૂખ્યા લોકોને છેતરાતા ઘણીવાર જોયા છે.. ઠાસોઠાસ ભરીને પડેલી સંવેદના અને લાગણીઓ જાણી જોઈને દબાવી રાખતા લોકોને જણાવવાનું કે સમયે સમયે પળે પળે તમારી લાગણીઓ વ્યક્ત કરતા રહીને સંબંધોરુપી છોડને સીંચતા રહેવું આવશ્કય છે...

લાગણી વ્યક્ત કરવામાં વેવલાપણું અનુભવતાં માંધાતાઓ સંવેદના વ્યક્ત ન કરવામાં જાણે પોતાની કાબેલિયત માનતા હોય છે... પણ તેઓ જાણતા નથી... કે મૂરઝાતા જતા સંબંધોને નિયમિતરુપે લાગણીનું પાણી અને સંવેદનાનું ખાતર ન મળે તો તે સંબંધ સૂકાઈ જાય છે... બળી જાય છે...

અને પછી ખોબલે ખોબલે પાણી-ખાતર લાગણી સંવેદનાઓ ઠાલવ્યા છતાં તે સંબંધરુપી છોડ લીલો બનતો નથી...

અને આથી જ અનાજના કાળાબજાર થતાં હોય તો ખીસ્સાને માર પડે છે પરંતુ લાગણી અને સંવેદનાઓના કાળાબજાર તો હૃદયને હણી નાખે છે...

ખીસ્સાને માર પડે તો એકવાર સહી પણ લેવાશે... પરંતુ હૃદયનો માર તો જીવલેણ હોય છે...

તો પછી નવા વર્ષે લાગણીઓનો જે સ્ટોક હૃદયના ગોડાઉનમાં ભરી રાખ્યો હોય તેને ખૂલ્લો મુકી દો... ફોનબુક અને હાર્ટબુકમાં જે નામ અને નંબર સેવ થયેલા પડ્યા છે, તે બધાયને ખોબલે ખોબલે લાગણીરુપી નવા વર્ષની શુભેચ્છા પાઠવવાની સાથે સાથે એ વાતનો અહેસાસ કરાયો કે... તેઓ આપણી માટે કેટલા આવશ્યક છે...

અને ચમત્કારીક રીતે તમે જોઈ શકશો કે જે લાગણી તમે વહેંચો છો તે હૃદયના સ્ટોકરુમને ખાલી કરવાને બદલે બમણી ગતિએ પાછી ભરી દે છે... ટ્રાય ઈટ...

- jayuoza@gmail.com

કોઈ પણ લક્ષ્ય મનુષ્યના સાહસથી મોટું નથી હોતું, જે લડતો નથી એ જ હારે છે : શ્રીકૃષ્ણ

'ચાલો, મિત્રો તમે બધા બે ગૃપમાં વહેંચાઈ જાવ, એક ગૃપ મારી સાથે રહેસે અને એક ગૃપ આ યંગ બોય સાથે રહેશે.'

સીનીયર ગાઈડે પ્રવાસીઓને કહ્યું એટલે આસપાસના લોકોમાંથી કોઈ ધીમેથી બોલ્યું.

'આ છોકરો હજી સાવ નવો હશે, એનેય અડધી ખબર નહિ હોય આપણે સીનીયર ગાઈડ સાથે જ જઈએ.' અને એ પરિવાર એ તરફ ગયું.

વાત હતી અમદાવાદના પ્રવાસન સ્થળો જોવાની -સમજવાની અને તેના વિશે જાણવાની. શહેરના ફોટોગ્રાફરો અને એક કલબના મિત્રો એક રવિવારે સવારે ઉતરી પડ્યા હતા અમદાવાદની પોળના હેરિટેજ વિશે જાણકારી મેળવવા, પોળની ગલી-ખડકી અને ખાંચાઓમાં જે શહેરમાં તમે રહેતા હો એનો ઈતિહાસ-ભૂગોળ-આર્થિક-સમાજિક સંદર્ભો જો તમે જાણતા હો તો એ શહેરના વાતાવરણ સાથે વિશ્વાસનો સંબંધ વધુ મજબૂત બને છે.

સુલતાન અહેમદ શાહે પાટણથી આવીને અમદાવાદ શહેર વસાવ્યું. આ શહેરના સ્થાપત્યોમાં બાદશાહના સમયની-મોગલોના સમયની અને કોલોનીયલ સમયની અનેક હેરિટેજ ઈમારતો છે અને ગુજરાતની સુખી-સમૃદ્ધ કહેવાતી હવેલીઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. વુડન આર્કીટેકચરના અદ્દ્ભૂત દશ્યો જોનારની આંખમાં રોમાંચ અને આનંદ ભરી દે છે.

આવા જ મનભાવન દશ્યો નીરખતા નીરખતા એ યુવાન સાથે થોડા પ્રવાસીઓ નીકળી પડ્યા હતા. ગીતકાર અને સ્વરકાર અવિનાશ વ્યાસના ગીત 'અમદાવાદના જીવનને સુણજો ઈતિહાસ ટચુકડો' ના શબ્દો અને કવિ દલપતરામના સ્મારક પાસેથી પસાર થતા તેમના કાવ્યોનું સહજ સ્મરણ થઈ આવ્યું હતું. મોબાઈલથી અને કેમેરાથી પાડવામાં આવતા ફોટાની ક્લિક ક્લિક સતત ચાલુ હતી. એ યુવાન અંગ્રેજી-હિન્દી ભાષામાં કડકડાટ રીતે અસ્ખલિત વાણીમાં ઈતિહાસની વાતો સહુને સંભળાવતો જતો હતો. એનું પ્રેઝેન્ટેશન અને જાણકારી વિશેની માહિતી વિશેની તાદાત્યમતા નિહાળીને કોઈએ પુછ્યું, 'દોસ્ત તું ગાઈડ તરીકે કેવી રીતે અને કયારથી કામ કરતો થયો?' જવાબમાં એણે કહેલી વાત કાંઈક આવી હતી.

અમદાવાદના મધ્યમવર્ગીય પરિવારમાં ઉછેર થયો. ધોરણ.૧૦ ની પરીક્ષા પસાર કરી ત્યારે સમજાવા માંડ્યુ કે જીવનમાં પૈસાની કેવી અને કેટલી જરૂરિયાત છે. મહેનત કરીને કયા ક્ષેત્રમાંથી પૈસા મેળવી શકાય? અને પોતાને રસ પડે એવું કારકિર્દીનું કયું ક્ષેત્ર હોઈ શકે? જેવા પ્રશ્નોના જવાબ શોધવામાં બે વર્ષ પસાર થયા અને ધોરણ.૧૨ પાસ કરીને આ યુવાને ટુરીઝમ ક્ષેત્રે કેરિયર બનાવવાનું નક્કી કર્યું. મહાનગરોમાં જઈને અભ્યાસ કરી શકાય એટલી સારી આર્થિક સ્થિતિ ન હતી. યુવાને કયાંકથી જાણકારી મેળવી. દેશની અગ્રગણ્ય સંસ્થામાંની ઘરે બેઠા ટુરીઝમનો અભ્યાસ શરુ કર્યો. સ્વાભાવિક છે કે ટુરીઝમની બેઝીક ભાષા અંગ્રેજી છે. આ ઉપરાંત જર્મન-ફ્રેન્ચ- જેવી કેટલીક ભાષાઓમાં જાણકારી હોય તો ગાઈડનું કે રીસેપ્શનીસ્ટનું કામ વધુ સારી રીતે કરી શકાય. આ યુવાન હિંમત નહોતો હાર્યો. સ્થાનિક ગુજરાતી અને હિન્દી ઉપરાંત અંગ્રેજી ભાષા પરનો મહાવરો એ કેળવતો ગયો અને ગાઈડ તરીકે કામ કરવાનો અનુભવ મેળવવાની સાથે સાથે સ્વનિર્ભર પણ બનતો ગયો. ટુરીઝમ ક્ષેત્રે અભ્યાસની ડીગ્રી પણ મેળવી અને હવે આ ક્ષેત્રે જ વધુ અભ્યાસ કરીને અનુભવના આધારે આ કેળવ પ્રવાસીઓ માટેના ગાઈડની, બલકે હોટેલ મેનેજમેન્ટ અને ટુર-મેનેજમેન્ટ ક્ષેત્રની કાબેલિયત મેળવવાની એની હોંશ છે, તમન્ના છે અને સપના છે.

એની સાથેના તમામ પ્રવાસીઓને એના ગાઈડ તરીકેના વ્યવહાર અને જાણકારીથી અનુકૂળતા અને આનંદ બંનેની પ્રાપ્તિ થઈ હતી.

સીધી સાદી એક યુવાનની વાતમાં પહેલી નજરે કાંઈ નવું ન લાગે એવું બને, પરંતુ એમાંથી પ્રતિબિંબિત થતી એ યુવાનની મનોકામના, એની કેરિયર વિશેની સ્પષ્ટ દુરંદેશીતા અને નિર્ણયશક્તિ ઊડીને આંખે વળકે એવી છે.

આપણા બધાનો અનુભવ છે કે પ્રવાસધામો પર જઈએ ત્યારે ત્યાં સ્થાનિક ગાઈડની ભૂમિકા મહત્ત્વની પુરવાર થતી હોય છે. મોટાભાગના ગાઈડ હાઈ-ફાઈ ફેમીલીમાંતી ન આવતાં હોવા છતાં એ ફાંકડુ અંગ્રેજી બોલી શકે છે, કારણ કે એમને વ્યવસાયના ભાગરુપે આ વાત સ્વીકારીને, અભ્યાસ કરીને એમાં પ્રયત્ન દ્વારા નિપુર્ણતા મેળવી છે.

વર્ષ ૨૦૧૫ પુરુ થવામાં છે અને વર્ષ ૨૦૧૬ના આરંભની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે આ યુવાનના કિસ્સામાંથી આપણે પ્રેરણા ન મેળવી શકીએ?

સાચા દિલથી પુરુષાર્થ કરવામાં આવે તો કોઈ કાર્ય અધુરું નથી હોતું, પ્રશ્ન હોય છે એ શીખવા માટેની, એને આત્મસાત કરવા માટેની આપણી ઈચ્છાશક્તિનો. નિર્ણય લેવો એ રોજીંદી પ્રક્રિયા છે પરંતુ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવો એ બુદ્ધિ-અનુભવ અને અભ્યાસની નિષ્પન્ન થતું કાર્ય છે. નવા વરસે, નવી હવામાં શ્વાસ લેવાના છીએ ત્યારે આવો આપણો પોતાના નવજીવનના સર્જન માટે નૂતન સંકલ્પો લઈએ અને એને પુરા કરવામાં આપણી સમગ્ર જાતને જોતરી દઈએ. વિનોબા ભાવેએ કહ્યું છે કે 'માણસ પાસે બહુ બહુ તો ૨૪ કલાક છે એવું એ માની શકે. એટલે આજનું કામ કાલ પર ઠેલવા કરતાં આજે ને અત્યારે જ આયોજન કરીએ અને એ આયોજનોને પુરા કરવા આત્મવિશ્વાસ સાથે પ્રયત્નોનો આરંભ કરીએ, પુરુષાર્થ સાથે પ્રાર્થનાનો ભાવ મેળવીએ અને ધીમે ધીમે - મક્કમ ગતિએ જીવનમાં સફળતાના એક પછી એક મુકામો સર કરતા જઈએ. સ્વજન-પ્રિયજનની સાથે રહીન જિંદગીની પળેપળને માણીએ. અસ્તિત્વ એ આપેલી અણમોલ ભેટ રુપી જિંદગી થકી આનંદનો દીવડો આપણી અંદર પ્રગટાવીએ - અને એ આનંદના - પ્રેમના દીવડાનો પ્રકાશ આપણી અંદર-બહાર-આસપાસ રેલાવી અજવાળાને નોતરીએ.'

તેજપુંજ :
કોઈ પણ લક્ષ્ય
મનુષ્યના સાહસથી
મોટું નથી હોતું,
જે લડતો નથી
એ જ હારે છે...
- શ્રીકૃષ્ણ